# ટપક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખપત્ર

વર્ષ : ૨ અંક : ૬ જુન,૨૦૦૦



**સંપાદક ટીમ**
પ્રકાશ ભટ્ટી
મમતા ગૌસ્વામી
વજુ ગોવિંદીયા
ધર્મેન્દ્ર મહેતા


## સૌરાષ્ટ્રમાં અમરેલી જિલ્લામાં જળસંચય અભિયાન

ભારત આજે પણ ખેતી આધારીત દેશ છે. ભારતની કુલ વસ્તી વિશ્વની કુલ વસ્તીના ૧૭% જેટલી છે અને પાણીની ઉપલબ્ધિ ફકત ૭% જેટલી છે. ગુજરાત રાજયની કુલ વસ્તી ભારતની કુલ વસ્તીના ૫% જેટલી છે. જયારે પાણીની ઉપલબ્ધિ ફકત ૨થી ૨.૫૦% જેટલી છે. વધુમાં રાજયમાં જળ સંપતિની વહેંચણી જુદાજુદા વિસ્તારમાં અસમાન છે. દક્ષિણ ગુજરાતમાં ૬૦%,ઉતર ગુજરાતમાં ૬૦%, સૌરાષ્ટ્રમાં ૧૨% અને કચ્છમાં ૭% જેટલી જળ સંપતિ વહેંચાયેલી છે. આમ સૌરાષ્ટ્ર અને કચ્છ આ બાબતમાં ખુબ જ પછાત છે. રાજયમાં વરસાદ અનિયમિત હોવાથી દર ત્રણ વર્ષમાંથી એક વર્ષ અછત કે અર્ધ અછતનું હોય છે. આવી પરિસ્થિતિમાં પીવાના પાણી અને અછતની કામગીરી માટે દર વર્ષે ઘણું મોટું ભંડોળ વપરાય જાય છે. પરિણામે રાજયનો વિકાસ રૂંધાય છે.

રાજયમાં વધુમાં વધુ વિસ્તાર સિંચાઈ હેઠળ આવરી લેવાય તે દિશામાં પ્રયત્નો કરવામાં આવી રહયા છે. તેમાંય ખાસ કરીને જયાં મોટી કે મઘ્યમ સિંચાઈ યોજના શકય નથી અને જે વિસ્તાર અછતગ્રસ્ત અનેપછાત છે, તેવા વિસ્તારોમાં નાની સિંચાઈના કામોને પ્રાધાન્ય આપી હાથ ધરવામાં આવે છે.નાની સિંચાઈના કામો કદમાં નાના અને ઝડપથી પૂર્ણ થતાં હોઈ, તેના ત્વરિત લાભો મળતાં હોઈ આવા કામોને પ્રાધાન્ય આપવામાં આવી રહયું છે.

સૌરાષ્ટ્રના કુલ ૬૪ લાખ હેકટર વિસ્તારમાંથી ૪૧ લાખ હેકટર વિસ્તાર ખેતી લાયક છે. સૌરાષ્ટ્રમાં આવેલ ૧૧૩ મોટી મઘ્યમ અને નાની સિંચાઈ યોજનાઓની મદદથી આશરે ૪.૫૦ લાખ (ખેતિલાયક જમીનના આશરે ૧૦%)હેકટરમાં સિંચાઈનો લાભ આપી શકાય છે તેમજ ૬.૫ લાખ કૂવા દ્વારા ભૂગર્ભ જળથી આશરે ૭.૪૦ લાખ હેકટરમાં સિંચાઈ થાય છે. આમ સૌરાષ્ટ્રમાં હજુ પણ આશરે ૩૦ લાખ હેકટરમાં ખેતી થાય છે.

સૌરાષ્ટ્રમાં થતા આશરે ૨૨ ઈંચ વરસાદને ગણતરીમા લેતાં દર વર્ષે કુલ વરસાદી પાણી ૨૪,૫૦૦ મીલીયન ઘન મીટર જેટલું પડે છે, જેમાંથી આશરે ૫,૭૦૦ મીલીયન ઘન મીટર જેટલું પાણી ભૂગર્ભમાં રિચાર્જ થાય છે,અને આ વિસ્તારમા બાંધવામાં આવેલ ૧૧૩ બંધમાં આશરે ૨,૫૦૦ મીલીયન ઘન મીટર જેટલા પાણીનો સંગ્રહ થાય છે. જયારે કુલ વરસાદી પાણીમાથી આશરે ૧૬૩૦૦ મીલીયન ઘનમીટર (આશરે ૬૫%) જેટલુ પાણી દર વર્ષે અરબી સમુદ્રમાં વહી જાય છે.

સૌરાષ્ટ્રમાં ભૌગોલિક ભૂસ્તરીય પરિસ્થિતિ પ્રમાણે પથરાળ સ્તરોમા ખૂબજ ખવાણવાળા, સાંધા, જોડાણો અને તિરાડો મળતી હોવાથી ભૂગર્ભ જળનો સંચય આશરે ૭૦ થી ૧૦૦ મીટરની ઉંડાઈ સુધી જ થાય છે. આથી સૌરાષ્ટ્રમાં વહી જતા વરસાદી પાણીને ચેકડેમો દ્વારા સંગ્રહ કરવાથી ભૂગર્ભજળ રિચાર્જ થતા આ વિસ્તારના ૬.૫૦ લાખ કુવા ની મદદથી ખરીફ ઉપરાંત રવિ ઋતુમા સિંચાઈ અને મોટા ભાગનો પીવાના પાણીનો પ્રશ્ન હલ કરી શકાય તેમ છે.

ચેકડેમના કામો હાથ ધરવાથી નીચે જણાવેલ મુખ્ય લાભ થાય છે.

આ કામોનો અંદાજીત ખર્ચ આશરે રૂપિયા ૨.૦૦ લાખ જેટલો થાય છે.

આ કામો એક મહીનાના સમય ગાળામાં પૂર્ણ કરી શકાય છે.

દરેક ચેકડેમની મદદથી આજુબાજુના વિસ્તારના આશરે ૧૦ થી ૧૨ કૂવાઓ રિચાર્જ થાય છે.

મોટી અને મઘ્યમ સિંચાઈ યોજનાના બાંધકામ માટેનો ખર્ચ આશરે રૂપિયા ૧.૫૦ લાખ/હેકટર આવે છે, જેની સામે ચેકડેમ અંદાજીત ખર્ચ ફકત રૂપિયા ૨૦,૦૦૦/હેકટર જેટલો જ થાય છે.

મોટી સિંચાઈ યોજનાના બંધોમાં સંગ્રહ થતા પાણીના જથ્થામાંથી આશરે ૨૦% કરતાં વધારે પાણી બાષ્પિભવનથી ઉડી જાય છે અને નહેરના વહન વખતે આશરે ૩૦ થી ૪૦% પાણીનો બગાડ થાય છે. જયારે ચેકડેમમાં સંગ્રહ થતું પાણી ભૂગર્ભમાં રિચાર્જ થતું હોવાથી આ બગાડ અટકાવી શકાય છે.

ચેકડેમના કામો લોકફાળાથી અને લોકો દ્વારા જ હાથ ધરાતા હોઈ આ ચેકડેમ માટે લાભાર્થીઓમાં પોતાપણાની ભાવના જાગે છે, અને આ કામો ની મરામત અને નિભાવણી પણ લાભાર્થીઓ સંભાળશે.

આમ ઉપરોકત પરિસ્થિતિના પરિણામે ખાસ કરીનેસૌરાષ્ટ્ર

**અટકાવો ભાઈ અટકાવો, પાણીનો બગાડ અટકાવો.**

માં પ્રજાને પાણીની અગત્યતા સમજાઈ છે,અને જળ સંચય કરવા લોકજુવાળ શરૂ થયેલો છે. આ વિસ્તારના જાગૃત કાર્યકરો સમાજ સેવકો, સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓ વગેરે વરસાદી પાણીનો પોતાના વિસ્તારમાં સંગ્રહ કરી ભૂગર્ભના સ્તરો રિચાર્જ કરી પીવાના પાણી ખેતી માટે વાપરવા માટે યુધ્ધના ધોરણે જળસંચયની વિવિધ પ્રકારની યોજના હાથ ધરવા લોકફાળો એકઠો કરી રહયા છે અને તેના ઘણા સારા પરિણામો જોવા મળ્યા છે. માનનીય ધારાસભ્યશ્રીઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓની રજૂઆત અન્વયે જયારે પ્રજા જાતે જ આવી યોજના કરવા કટિબધ્ધ થઈ હોય ત્યારે સરકારે પણ પોતાની અંદાજપત્રિય કામો માટે મોટી રકમની જોગવાઈ કરીને આવા પ્રજા ઉપયોગી કામોને લોકો ભાગીદારી સાથે હાથ ઘરવા જળસંચયનું મોટું અભિયાન હાથ ધરેલ છે. આ માટે સરકાર દ્વારા સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના મંજુર કરવામાં આવી છે. આ યોજના અન્વયે સરકાર અને પ્રજાના સહયોગથી ચેકડેમ, તળાવ સુધારણા, કૂવા રિચાર્જ વગેરે જળ સંચયના ઉપયોગી કામો હાથ ઉપર લેવામાં આવશે. આ યોજના અંતર્ગત રૂપિયા ૧,૨૦૦ કરોડના અંદાજી ખર્ચે ૬૦,૦૦૦ ચેકડેમના કામો હાથ ધરવાનું આયોજન છે.

સૌરાષ્ટ્ર વિસ્તારની પ્રજા તરફથી આ યોજના માટે ખૂબ જ સારો પ્રતિસાદ સાંપડેલ છે, અને ફકત ચાર મહિના જેટલા ટુંકા ગાળામાં જ આશરે ૨૪,૦૦૦ ચેકડેમ અંદાજે રૂપિયા ૪૮૦ કરોડના ખર્ચે બનાવવા માટે અરજીઓ મળેલ છે. જેમાંથી લાભાર્થીઓ રૂપિયા ૧૯૨ કરોડ ફાળા તરીકે આપવા તૈયાર થયેલ છે. આમ, ગુજરાત રાજયમાં તેમજ ભારત દેશમાં આટલી મોટી રકમ ફાળા તરીકે આપી સરકારી કાર્યક્રમમાં ભાગીદાર બનવાનો સ્વયંભૂ લોકજુવાળ ઉભો થવાનો આ પ્રથમ પ્રસંગ છે.

આ કાર્યક્રમ હેઠળ અમરેલી જીલ્લામાં ચેકડેમ બનાવવા માટે ૨,૯૦૦ જેટલી અરજીઓ મળી છે. જેમાંથી રૂપિયા ૨૮૦૦ લાખની અંદાજી કિંમતના ૧૪૦૦ ચેકડેમના કામો મંજુર કરવામાં આવ્યા છે. જેમાંથી રૂપિયા ૧૫૫૦ લાખની અંદાજીત કિંમતના ૭૭૫ ચેકડેમના કામો શરૂ કરવામાં આવ્યા છે. આ ૭૭૫ કામો પૈકી રૂપિયા ૪૮૨ લાખના ખર્ચે ૨૪૧ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે અને બાકીના ૫૩૪ ચેકડેમના કામો પ્રગતિ હેઠળ છે.

આમ, સરદાર પટેલ સહભાગી જળ સંચય એક બહુ હેતુક, મહત્વાકાંક્ષી અભિયાન છે. આગામી વર્ષોમાં ગુજરાતની કાયાપલટનું એક મહત્વનું અંગ બની રહેશે.

સંકલન :– એલ.પી.મહેસુરીયા
માહિતી ખાતુ,અમરેલી.

## સૌરાષ્ટ્ર માટે પાણીની સમસ્યાઓ

**૧.વસ્તી વધારોઃ**–દિવસે દિવસે વસ્તીનું પ્રમાણ વધતું જાય છે.જેમ વસ્તી વધે તેમ પાણીનો પણ વપરાશ વધતો જવાનો છે.દા.ત.અમુક વર્ષ પહેલા ખેડૂત નું એક જ કુટુંબ હતુ,તેના ચાર પુત્રો હતા.પુત્રો મોટા થયા જુદા થયા ,પહેલા ખેતરમાં એક જ કૂવો હતો. ચારેય પુત્રોએ ભાગમાં આવેલી જમીનમાં ૪ કુવા ખોદયા પહેલા કરતા પાણી નો વપરાશ ૪ ઘણો વધી ગયો.

**૨.ઉદ્યોગોઃ**–સૌરાષ્ટ્રમાં ઉદ્યોગો પર એક નજર નાખી એ તો પહેલા કેટલા ઉદ્યોગો હતા ?અને અત્યારે કેટલા છે ? આપણે કયારેય વિચાર કર્યો નથી કે એક થેલી સિમેન્ટ બનાવવા માટે કેટલું પાણી,એક કિલો લોખંડ બનાવવા માટે કે એક થેલી ખાતર કે ખાંડ વિગેરે બનાવવા માટે કેટલું પાણી જોઈએ છીએ.આવા ઉદ્યોગકારો પાણીના વપરાશ સામે કેટલુ પાણી સંગ્રહ કરે છે?બિલકુલ નહિ,ઉદ્યોગકારો ને જેટલા પાણીનો વપરાશ છે તેટલુ પાણી સંગ્રહ કરવું કે બચાવવું તે શરતે જ તેને ફેકટરી કે ઉદ્યોગની મંજુરી આપવી જોઈએ.

**૩.ભૌગોલિકઃ**–સૌરાષ્ટ્ર કચ્છની જમીન ડુંગરાળ,પથરાળ, ટેકરાવાળી છે.વરસાદ પડે કે તરત જ વરસાદ નું પાણી ઢાળની દિશામાં દોડવા માંડે છે.પાણી કયાંય રસ્તા માં રોકાતું નથી અને સીધુ પાણી દરીયા ભેગુ થઈ જાય છે બાકી નુ થોડુ ઘણુ પાણી મોરમ વાળી જમીન હોવાથી નીચે તળિયામાં ઉતરી જાય છે.જમીન સમતળ હોય તો પાણી રોકાઈ, જમીનમાં ઉતરે.જળ અને જમીન બન્નેનું સંરક્ષણ થાય જે ખેડવાણ જમીનો છે તેને સમતળ બનાવવી જરૂરી છે.ઢાળ વાળી નદીઓ કે વોકળામાં પાકા ચેક ડેમો અમુક–અમુક અંતરે બાંધવા જરૂરી છે.વૃક્ષો–વનસ્પતિ નું પ્રમાણ પણ વધારવુ જરૂરી છે.આડાશ અંતરાયો ઉભા કરીને વરસાદના વહી જતા પાણી ને રોકવાની તાતી જરૂર ઉભી થયેલ છે.

**૪.મોટા ડેમોનો અભાવઃ**–સૌરાષ્ટ્ર કચ્છમાં મોટા ડેમો ગણ્યા ગાઠયા જ છે. મોટી નદીઓ ઉપર મોટા ડેમો બાંધવાની જરૂર છે દા.ત.પાલીતાણા પાસેનો શેત્રુજી ડેમ છે તે ખેતી માટે ત્રણ તાલુકા ના ગામડાને પાણી પુરૂ પાડે છે અને પીવાના પાણીનો પણ તેમાથી ઉપયોગ થાય છે.

**૫.વરસાદી અનિયમીતતાઃ**–સૌરાષ્ટ્રમાં વરસાદમા અનિયમીતતા વધારે જોવા મળે છે.સરેરાશ જોતા બે વર્ષ સારા હોયતો એક વર્ષ દુષ્કાળનું હોય જ.જેથી સૌરાષ્ટ્રની પ્રગતિ રૂંધાઈ જાય છે '૭' ઈંચ વરસાદ નિયમીત અને જરૂરીયાત મુજબ પડે તો એક પાક લઈ શકાય છે.જો ૨૪ ઈંચ વરસાદ નિયમીત પાક ની જરૂરિયાત મુજબ પડે તો ઉનાળુપાક લઈ શકાય.

ડાયાભાઈ પટેલ–ખાંભા.

**ટીપે ટીપે સરોવર ભરાય , એ ટીપા શીદને વેડફાય.**

### સ્વસહાય જુથોને ધિરાણ

અમરેલી જીલ્લામાં શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી ચાલતા સ્વસહાય જુથો પૈકી ખાંભા તાલુકાના પચપચીયા ગામના શ્રીજી જુથ અને વિકાસ જુથની ધિરાણ માટેની માગણી અન્વયે સ્ટેટબેંક ઓફ સૌરાષ્ટ્રની ખડાધાર શાખા સાથે જે તે જુથની બહેનો દ્વારા રજુઆત થતી હતી.તા.૨૬/૬/૨૦૦૦ ના રોજ બેંક દ્વારા માંગણી સ્વીકારાઈ અને આ બન્ને જુથોને અનુક્રમે ૨૫૦૦૦ તથા ૧૦૦૦૦ એમ મળીને કુલ ૩૫૦૦૦ નુ ધિરાણ બેંક દ્વારા આપવામા આવ્યુ.આ બન્ને જુથોની પોતાની બચતની રકમ તથા બેંક દ્વારા આપવામા આવેલ ધિરાણની રકમથી તેઓ જુથના સભ્ય બહેનો સાથે મળી જુથની આવક વધારવાના કાર્યક્રમો યોજશે .સ્વસહાય જુથની ચાલતી જુંબેશમા અમરેલી જીલ્લામા બેંક દ્વારા આ પ્રથમ ધિરાણ અપાયુ છે.બેંક પણ ગ્રામ્ય કક્ષાએ સંગઠિત થઈ રહેલી બહેનોની મદદે આવી છે.અમરેલી જીલ્લામાં અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ પણ આ કાર્ય માટે આગળ આવી રહી છે.

### સજીવ ખેતી

વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટબગસરા આસપાસના સાત ગામોમા પંદર ખેડુતોને ત્યાં સજીવખેતીના પ્રયોગ હાથ ધરી રહયા છે કારણ કે જંતુનાશક દવાઓ અને રાસાયણિક ખાતરોના વપરાશથી જમીન કસ વગરની બની ગઈ છે જેનાથી ઉત્પાદન શકિત ઘટી છે અને ઉત્પાદન ખર્ચ વધ્યો છે.જમીનના ઉપયોગી બેકટરીયાનો નાશ થવાથી ભેજધારણ શકિત ઘટીછે જેથી પાણીનો વપરાશ વધ્યો છે.ખેતીની આવી અવદશા હોવા છતા જગતનો તાત કેમ જાગતો નથી ?

### પર્યાવરણ શિબિર

જનપથ અને સામાજીક ન્યાય કેન્દ્ર દ્વારા અમદાવાદ ખાતે ૧૬,૧૭ જુનના રોજ પર્યાવરણ અને પ્રદૂષણનાં મુદ્દે ચર્ચાઓ કરવામાં આવી.જેમાં પ્રદૂષણ અટકાવવા કોને મળવુ,ફેકટરીનુ પ્રદૂષણ અટકાવવા સંગઠનો કેમ બનાવવા,પ્રેસનોટ કેમ લખવી વિ.બાબતોની ચર્ચાઓ થઈ તેમજ અગાઉની શિબિરનો ક્ષેત્રમા કેટલો ઉપયોગ કર્યો અને હવે પછી શું આયોજન છે તેના પર ચર્ચાઓ થઈ.

### માઈક્રોન્યુટ્રીશન પર સેમિનાર

આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ વિભાગ દ્વારા ૨૨ જુનના રોજ અમદાવાદ ખાતે માઈક્રોન્યુટ્રીશન પર સેમિનાર રાખવામાં આવ્યો જેમા રાજય અને કેન્દ્રનાં આરોગ્ય પ્રધાનો,રાજયપાલશ્રી તેમજ આરોગ્ય અધિકારીઓએ હાજર રહી માઈક્રોન્યુટ્રીશન ની ખામી,તેને નિવારવાના ઉપાયો,અને માઈક્રોન્યુટ્રીશનની ખામી નિવારવા ભવિષ્યના કાર્યક્રમો ની વિગતો આપી હતી.

### પંચાયતી રાજ

પંચાયતી રાજ ક્ષમતા વર્ધન માટે તા.૩/૫/૨૦૦૦ ના રોજ 'ગ્રુપ' બાવળાએ મીટીગ યોજી,ઉન્નતિના સુ. શ્રી તૃપ્તિબેન જૈન એ પંચાયતના ૩૫ સભ્યો/સરપંચો ને સાચું,સારૂ અને સક્રિય કાર્ય કરવા તથા આગળ ચુંટણીમાં ઉમેદવારોની પસંદગી અને ઉમેદવારી પત્ર સરખી રીતે ભરાય તે માટે માર્ગદર્શન આપ્યુ હતુ.' ગ્રુપ 'દ્વારા પાંચ ગ્રામ પંચાયતોમાં આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

### મહિલા અને બાળસ્વાસ્થ્ય

ચેતના તથા આશરા સંસ્થાના ઉપક્રમે પંચમહાલ વાંસદળીયા ગામે ૪૦ બહેનો ૧૩ બાળકો અને ૯ ભાઈઓ ની સહભાગીતામાં મહિલા અને બાળ સ્વાસ્થ્ય શિબિર યોજાઈ.શિબિરનું ઉદઘાટન ગીરફાઉન્ડેશનનાં નમ્રતાબહેને કર્યુ હતું

### પ્રકૃતિ પ્રેમી

રાજુલા યુથ હોસ્ટેલસ ના સેક્રેટરી શ્રી પી.પી.કાનાણી એ ટેક દ્વારા લેવાયેલ પરમ સમીપ પરીક્ષામાં ચોથા ક્રમે ઉતીર્ણ થઈ યુથ હોસ્ટેલ્સનું ગૌરવ વધાર્યુ છે.તેઓને રાજયના કૃષિ મંત્રીશ્રી તથા સંસદ સભયશ્રી ની ઉપસ્થિતિમાં સંતશ્રી સીતારામ બાપુના આશ્રમે યોજાયેલ સમારંભમાં સન્માનવામાં આવ્યા.

### વિકાસલક્ષી કાર્યનો પ્રચાર

શ્રી નટુભાઈ માધવાણી એ પોતાના તા.૮/૫/૨૦૦૦ના પત્રમાં જણાવ્યા મુજબ તેઓ ' ટપક 'ની વિગતો પોતાના વ્યવસાય નાં સ્થળે જાહેર બોર્ડ ઉપર લખે છે અને લોકો રસપૂર્વક વાંચે છે.શ્રી નટુભાઈ ને ખૂબ ખૂબ અભિનંદન.

### સરદાર આવાસ યોજના

સરદાર આવાસ યોજના અંતર્ગત ગાંધીનગર મુકામે તા.૨૧ જુન ના રોજ જસવંતસિંઘના અધ્યક્ષ પણા નીચે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આવાસ બાંધવા અંગે મીટીગ મળી જેમાં મકાનની ગુણવતા,મકાનની ડીઝાઈન અને સ્વૈચ્છિક સંસ્થાઓની આ કામમાં સેવાની બાબતે ચર્ચાઓ થઈ.

### પ્રતિભાવ

આપની સંસ્થા દ્વારા વિવિધ સમાચાર સભર પ્રગટ થતું "ટપક" મળે છે આપનુ ટપક મેળવણ જેવું કામ કરે છે એક છાશનું બુંદ સુંદર મજાનુ દહી બનાવી શકે છે તેમ ટપક અમારી જેવા નવા નિશાળીયા ને નવી દ્રષ્ટિ અને દિશા આપે છે.સંસ્થાઓને પણ સતત માર્ગદર્શન ની જરૂર પડતી હોય છે આવા મેગેઝીનો સાપ્તાહિકો દ્વારા પૂર્ણ કરી શકાય.

દેવચંદભાઈ સાવલીયા–બગસરા

**દુષ્કાળના દારુણ દૈત્યને ભગાડશે વરસાદ. નદી,નાળા અને તળાવો છલકાવશે વરસાદ.આશ લગાવી બેઠો છુ,ગગન તરફ'દિનેશ'.કયારે વરસી સર્વને ભીંજવશે વરસાદ. દિનેશ પડાયા– બરવાળા બાવળ**

**Our Indian women are as capable of doing it as any in the world-Vivekanand**

**જળ સંગ્રહ – આલેખનઃ પ્રકાશ ભટી વાંકીયા**

(બાળ નાટક ના પાત્રો– છગનભાઈ,માવજી,ગોરબાપા, ભાણજીભુવો, નેતા, શામજીભાઈ શિક્ષક)

છગનભાઈ : માવજી ઓ માવજી જા બકરીને પાણી પાયાવ.

માવજી : હા બાપુ જાઉ છુ.(બકરીને લઈને ડંકી સુધી જાય છે પણ પાણી નથી એટલે પાછો આવે છે.) બાપુ,ત્યાં પાણી નથી ખુબ ડંકી ધમી .

છગનભાઈ : તો શું કરશુ? ઢોર પાણી વિના વલખા મારે છે.

માવજી : બાપુ આપણા ગામમાં ગોરબાપા છે તેની પાસે પુજન કરાવીએ તો કદાચ ડંકીમા પાણી થાય.

છગનભાઈ : જા ગોરબાપાને બોલાવી લાવ.

(માવજી ગોરબાપાને બોલાવી લાવે છે)

ગોરબાપા : છગનભાઈ ગામની ડંકીમા પાણી નથી.મને લાગે છે કે માતાજી રીસાણા લાગે છે. પુજન કરવુ પડશે કાલે સવારે આખુ ગામ ગામની ડંકી પાસે ભેગા થજો ત્યાં પુજન કરીશુ (બીજા દિવસે આખુ ગામ ત્યાં ભેગુ થાય છે.ગોરબાપા પુજનની તૈયારી કરે છે. આરતી થાય છે.)

ગામલોકો : જય ડંકી માતા, મા જય ડંકી માતા .બાળ તમારા વિનવે, આપો પાણી માતા.ૐ જય ડંકી માતા.

ગોરબાપા : લ્યો કાલે સવારે પાણી થશે.હવે બધા ઘરે જાવ.

**(ત્રીજા દિવસે સવારે)**

છગનભાઈ : માવજી ઓ માવજી જા બકરીને પાણી પાયાવ.

માવજી : હા બાપુ જાવ છુ(પાણી નથી ફરી પાછો આવે છે.)

છગનભાઈ : તો શું કરીશુ બેટા?

માવજી : બાપુ ગામમા ભાણજી માતાજીનો ભુવો છે તેને બોલાવીએ કદાચ પાણી થાય.

છગનભાઈ : તો જા તેને બોલાવી લાવ.(માવજી ભાણજી ભુવા ને બોલાવી લાવે છે.)

ભાણજીભુવો : છગનભાઈ ગામની ડંકીમા પાણી નથી માતાજી ભોગ માગે છે .બકરાનો બલી ચડાવવો પડશે સવારે બધા ડંકી પાસે ભેગા થજો.( સવારે આખુ ગામ બલી લઈ ત્યા ભેગા થાય છે.ભુવો થોડી વાર ધુણી બલી ચડાવે છે.) કાલે સવારે પાણી થશે જાવ.

**( ચોથા દિવસે સવારે)**

છગનભાઈ : માવજી ઓ માવજી જા બકરીને પાણી પાયાવ.

માવજી : હા બાપુ જાવ છુ (ડંકી સુધી જાય છે ફરી પાછો આવે છે.) બાપુ પાણી નથી.હવે આપણા ગામમા નેતા છે તેને મળીએ કદાચ એ વ્યવસ્થા કરી આપે.

છગનભાઈ : તો આજે સાંજે ગામના ચોકમાં સભા રાખો .

(રાત્રે બધા ભેગા થાય છે .નેતાજી ભાષણ આપે છે .)

નેતાજી : જુઓ પાણી બહુ કિંમતી છે પાણી પ્રત્યે જાગૃત થવુ પડશે.દુષ્કાળની સ્થિતિ છે હુ જાણુ છુ .હુ ઉપર રજુઆત કરીશ અને ગામમા બોર કરાવીશ.હુ વચન આપુ છુ ગામમા પાણી થશે જ.(બીજા દિવસે દાર કરેછે પણ પાણી થતુ નથી)

છગનભાઈ : માવજી હવે શું કરીશુ ઘણા અખતરા કર્યા પણ પાણી ન થયુ .શું આમ જ થશે તો આપણુ શુ થશે? (એટલામા ગામના શિક્ષક શામજીભાઈ નિકળે છે.)

શામજીભાઈ : છગનભાઈ શું ચિંતામા પડી ગયા છો ?

છગનભાઈ : અરે માસ્તર સાહેબ શું વાત કરુ ગામની ડંકીમા પાણી ખુટયુ છે. પુજન કર્યુ, બલી ચડાવ્યો,દાર કર્યો પણ પાણી થતુ જ નથી.

શામજીભાઈ : અરે એમા શુ કાલે સવારે બધા ગામ લોકોને ભેગા કરો.આમા આ બધુ કરવાની જરૂર નથી જળ સંગ્રહ કરવાની જરૂર છે.ડંકીના બાજુના નાલા પર ડેમ બાંધીશુ . (બધા ગામ લોકો પાવડા,તગારા, કોદાળી, ત્રિકમ લઈ ભેગા થાય છે.સૌની મહેનતથી ચેકડેમ બંધાય છે.)

Publisher, Dhiren Vagadia on behalf of Educational & Social Welfare Centere and Printer Hiren Bipinbhai Joshi & printed at Devkamal Computers,Ganesh complex - Amereli and Published at 95-Jalaram nagar (2), Amreli, Editor Dhiren Vagadia.

**Book -Post,Printed Matter**
**Post Regn. No. G/AMI-91/99**

ટપક કાર્યાલય
**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર**
૯૫,જલારામનગર–૨ અમરેલી
☎(૦૨૭૯૨)૨૩૫૨૫,૨૦૬૩૫

**ટીપે ટીપે સરોવર ભરાય , ટીપે ટીપે ખાલી પણ થાય.**